Paper Code - 3082

B S W Sem – I (Old Course)
July-Sep – 2021
BSW-112 FUNDAMENTAL OF ECONOMICS FOR SOCIAL WORK

કુલ સમય :– ૬૦ મીનીટ કુલ પ્રશ્નો : ૫૦ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(૧) જમીન માનવ વર્તનનું સર્જન નથી એ કુદરત તરફથી મળેલ બક્ષિસ છે.આ વિધાન કેવું છે.
(A) સત્ય (B)અસત્ય (C)અંશતઃ સત્ય (D) અર્ધ સત્ય
(૨) જમીન કુદરતી સંપત્તિ હોવાથી તેના કુલ જથ્થામાં વધારે કે ઘટાડો કરી શકાય છે.
(A) હા (B) ના (C) ઉપરોક્ત બંને (D) ઉપરના માંથી એકપણ નહિ
(૩) જમીન કુદરત તરફથી મળેલ વૈવિધ્યસભર અને ઉત્પાદન વ્યવસ્થામાં ઉપયોગી એવું સાધન છે. જમીનને મળતા વલણ એ અર્થશાત્રમાં શુ કહેવા માં આવે છે.
(A) જકાત (B) ભાડું (C) ઉત્પાદન (D)શ્રમ
(૪) મૂડીનો સામાન્ય પ્રચલિત અર્થ શું છે.
(A) જમીન (B)મૂડી (C) નાણું (D)શ્રમ
(૫) જમીન અને મૂડી એ ઉત્પાદનના કેવા સાધનો છે.
(A) સજીવ (B) નિર્જીવ (C) મૂર્ત (D) અમૂર્ત
(૬) જમીન, મૂડી, શ્રમ જેવા આ ત્રણેય સાધનોનું કુશળતાપૂર્વક સંયોજન કરાવનાર વ્યક્તિને શું કહેવાય.
(A) સંયોજક (B) નિયોજક (C) આયોજક (D) સંચેતક
(૭) સાધનની કિંમત કોના પાર અધાર રાખે છે.
(A)માંગ અને પુરવઠા (B) ફક્ત માંગ (C) ફક્ત પુરવઠા (D) ઉપરોક્ત એકપણ નહિ.
(૮) ભારતમાં આયોજન ક્યારથી હાથ ધરવામાં આવ્યું.
(A) ૧૯૫૦ (B) ૧૯૫૧ (C) ૧૯૫૨ (D) ૧૯૫૩
(૯) આર્થિક નીતિઓ ક્યારથી અપનાવવામાં આવી.
(A) ૧૯૯ ૦ (B) ૧૯૯૧ (C) ૧૯૯૨ (D) ૧૯૯૩
(૧૦) ૧૯૫૬ની ઓધૌગિક નીતિમાં કેટલા ઉદ્યોગોને જાહેર ક્ષેત્ર માટે આરક્ષિત કરવામાં આવ્યા હતા.
(A) ૧૫ (B) ૧૬ (C) ૧૭ (D) ૧૮
(૧૧) કામ કરી શકે તેવી વ્યક્તિની કામ વગરની સ્થિતિને શુ કહે છે.
(A) નવરી (B) બેરોજગારી (C) ગરીબી (D)અમીરી
(૧૨) કોઈ વ્યક્તિ માત્ર ત્યારેજ બેકાર કહેવાય છે કે જયારે તેની કામ કરવાની ઈચ્છા હોવા છતાં કામ મળતું નથી.આ વ્યાખ્યા કોણે આપી.
(A) પીગુના મતે (B)એડમ સ્મિથ (C)રોબિન્સનપ્રો.માર્શલ (D) રોબિન્સન
(૧૩) ફરજીયાત સ્વરૂપની બેરોજગારીને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે.
(A) અનૈચ્છિક બેરોજગારી (B) બેરોજગારી (C) અમૈચ્છિક બેરોજગારી (D) અનિશ્ચિત બેરોજગારી
(૧૪) ચક્રીય બેરોજગારી અને ઘર્ષણજન્ય બેરોજગારી વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.
(A) અવિકસિત દેશોમાં (B) વિકસિત દેશોમાં (C) અલ્પ વિકસિત દેશોમાં (D)વિકાસશીલ દેશોમાં
(૧૫) દેશમાં કઈ ખામીને કારણે રોજગારીની તકોમાં ધીમા દરે વધારો થાય છે.
(A) સામાજીકખામીને કારણે (B) માળખાગત ખામીને કારણે (C) માનસિક ખામીને કારણે (D)શારીરિકખામીને કારણે
(૧૬) વ્યક્તિની કામ કરવાની વૃત્તિઓ શક્તિ ધરાવતી હોય પરંતુ અઠવાડિયામાં કેટલા કલાક કે તેથી ઓછા કલાક માટે કામ મળે તો તેને તીવ્ર રીતે બેરોજગાર ગણાય.
(A) ૧૨ કલાક (B) ૨૪ કલાક (C) ૩૬ કલાક (D) ૭૨ કલાક
(૧૭) લાયકાત પ્રમાણે નું કામ ન મળતા ઓછી લાયકાત વાળું કામ સ્વીકારવાથી ઓછી અવાક પ્રાપ્ત થાય તો તેને કઈ સ્થિતિ કહેવાય.
(A) અનેચ્છીક બેરોજગારી (B)અર્ધ બેરોજગાર (C)અમૈચ્છિક બેરોજગારી (D) અનિશ્ચિત બેરોજગારી
(૧૮) જે વ્યક્તિ પ્રવર્તમાન વેતનદર રોજગારી મેળવવા માટેની લાયકાત પણ ધરાવે છે અને ઈચ્છા પણ છે તેને ક્યાંય કામ ન મળેતો તેને શું કહેવાય.
(A) અનેચ્છીક બેરોજગારી (B) સંપૂર્ણ બેરોજગારી (C)અમૈચ્છિક બેરોજગારી (D) અનિશ્ચિત બેરોજગારી
(૧૯) સંપૂણ બેરોજગારી નું પ્રમાણ કઈ વયજૂથની વ્યક્તિમાં વધારે જોવા મળે છે.
(A) ૧ થી ૧૫ વર્ષની વયજૂથ (B) ૧૫ થી ૨૦ વર્ષની વયજૂથ (C)૧૫ થી ૨૫ વર્ષની વયજૂથ (D) ૨૫ થી ૩૫વર્ષની વયજૂથ
(૨૦) પ્રચ્છન્ન બેરોજગારી એટલે .....
(A) છુપી બેરોજગારી (B) સંપૂર્ણ બેરોજગારી (C)અમૈચ્છિક બેરોજગારી (D) અનિશ્ચિત બેરોજગારી
(૨૧) પ્રચ્છન્ન બેરોજગારીની સીમાંત ઉત્પાદકતા કેટલી હોય છે.
(A) દસ (B) શૂન્ય (C)સો (D) હજાર
(૨૨) ૧૯૨૯-૩૦ માં કયા દેશમાં આવેલ મહામંદી ની અસર પુરા વિશ્વમાં થયેલી જોવા મળેલી.
(A) કેનેડા (B) ઓસ્ટ્રેલિયા (C)અમેરિકા (D) ન્યુઝીલેન્ડ
(૨૩) જૂની ઉત્પાદન પદ્ધતિને બદલે નવી ઉત્પાદન પદ્ધતિ આવતા જૂની ઉત્પાદન પદ્ધતિ સાથે જોડાયેલા માણસોને બેરોજગાર કહેવું પડે તેને કાયા પ્રકારની બેરોજગારી કહેવાય
(A) છુપી બેરોજગારી (B) સંપૂર્ણ બેરોજગારી (C)અમૈચ્છિક બેરોજગારી (D) ઘર્ષણજન્ય બેરોજગારી
(૨૪) ભારતમાં બેરોજગારીના પ્રમાણની માહિતી નીચેના માંથી શેમાં થાય છે.
(A) માહિતી આયોજનપંચ (B) સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશન (C) નેશનલ સેમ્પલ સર્વે (D)સમાજસુરક્ષા વિભાગ

(૨૫) ભારતમાં આર્થિક વિકાસદાર ઊંચો લાવવા અને બેરોજગારીની સમસ્યામાં ઉકેલ માટે ક્યારથી આયોજનબદ્ધ પગલાભરવામાં આવ્યા.
(A) ૧૯૫૦ (B) ૧૯૫૧ (C) ૧૯૫૨ (D) ૧૯૫૩
(૨૬) વસ્તીવૃદ્ધિનો ઉંચોદર અને રોજગારીની તકોમાં વધારો કઈ પરિસ્થિતિનું સર્જન કરે છે.
(A) બેરોજગારી કે અર્ધબેરોજગારી (B) સંપૂર્ણ બેરોજગારી (C)અમૈચ્છિક બેરોજગારી (D) ઘર્ષણજન્ય બેરોજગારી
(૨૭) ભારતમાં મૂડીની અછત એ ..... નીં છત છે.
(A) જમીન (B)શક્તિ (C) ઉત્પાદન (D)શ્રમ
(૨૮) ભારતમાં શિક્ષિતોની વધતી જતી બેરોજગારીનું એક મહત્વનું કારણ ..... છે.
(A) ખામી યુક્ત શિક્ષણ પદ્ધતિ (B)શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ (C)ખામી યુક્ત આયોજન (D) ખામી યુક્તઅભ્યાસક્રમ
(૨૯) આઝાદી પછી ક્યાં ક્ષેત્રે વિકાસને વધારે મહત્વ આપવામાં આવ્યું છે.
(A) ખાનગી ક્ષેત્ર (B)જાહેર ક્ષેત્ર (C)મિશ્ર ક્ષેત્ર (D) કોર્પોરેટ ક્ષેત્ર
(૩૦) ભારતમાં કૃષિક્ષેત્રે વિકાસ પૂરતો ન થાય માટે નીચેના માંથી કયું કારણ જવાબદાર નથી.
(A) સિંચાઈની સગવડ (B) કૃષિ ધિરાણની અપૂરતી સગવડ (C) વરસાદની અનિશ્ચિતતા (D) મૂડીની અનિશ્ચિતતા
(૩૧) નીચેના માંથી કયો બેરોજગારી ઘટાડવાના નિર્ણય તરીકે નથી.
(A) વસ્તી નિયત્રંણ (B) આર્થિક વિકાસનો ઊંચો દર (C)શિક્ષણનું પ્રમાણ (D) રોજગારીનું આયોજન
(૩૨) નીચેના માંથી કયું આર્થિક વિકાસનું લક્ષણ નથી.
(A) આર્થિક વિકાસએ સતત ચાલતી પ્રક્રિયા છે. (B) શ્રમની ગતિશીલતા વધે છે.
(C) મૂડીસર્જન માં વધારો થાય છે. (D) ઉત્પાદન ક્ષમતામાં ઘટાડો થાય છે.
(૩૩) વિકાસના કારણે શિક્ષણ વધતા શું વધે છે.
(A) મૂડી ની ગતિશીલતા (B)શ્રમની ગતિશીલતા (C)શિક્ષણની ગતિશીલતા (D) ઉત્પાદનની ગતિશીલતા
(૩૪) નીચેના માંથી કયો આર્થિક વિકાસનો નિર્દેશક નથી.
(A) રાષ્ટ્રીય આવકનો વૃધ્ધિદર (B) માનવ વસ્તીનો આંક (C) માનવ વિકાસનો આંક (D)માથાદીઠ આવકનો વૃધ્ધિદર
(૩૫) રાષ્ટ્રીય આવકને વસ્તીના કુલ પ્રમાણ વડે ભાગતા જે સરેરાશ આવક આવે તે ..... છે.
(A) કુંટુંબ દીઠ આવક (B)માથાદીઠ આવક (C)ગ્રામ્ય દીઠ આવક (D)રાજ્ય દીઠ આવક
(૩૬) આર્થિક વિકાસનો અંતિમ હેતુ જીવન ધોરણ સુધારીને ..... ઊંચે લઈ જવાનો છે.
(A) માનવ વિકાસ (B)માનવ સૂચકાંક (C)માનવ ઉત્થાન (D)માનવવસ્તી
(૩૭) ભારતમાં વસ્તીદર કેટલા વર્ષે ગણાય છે.
(A) ૨ વર્ષે (B)૫ વર્ષે (C)૧૦ વર્ષે (D)૧૫ વર્ષે
(૩૮) દેશની રાષ્ટ્રીય આવક કેટલા વર્ષે ગણાય છે.
(A) દર વર્ષે (B)૫ વર્ષે (C)૧૦ વર્ષે (D)૧૫ વર્ષે
(૩૯) મોરિસ ડેવિસ મોરીસે જીવનની ભૌતિક ગુણવતાના આંકની રજૂઆત કરી છે. તેને કઈ રીતે ઓળખવામાં આવે છે.
(A) PLIQ (B)PIQL (C)PQLI (D)LQPI
(૪૦) આર્થિક વૃદ્ધિમાં માત્ર કેવા પરિવર્તનો જ દેખાય છે .
(A) ગુણાત્મક (B)પરિમાણાત્મક (C)સંખ્યાત્મક (D)સુધારાત્મક
(૪૧) સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમમાં UNDPદ્વારા માનવ વિકાસ અહેવાલ ક્યારે રજુ થયો.
(A) ૧૯૯૦ (B)૧૯૯૨ (C)૧૯૯૪ (D)૧૯૯૬
(૪૨) HDI નુપુરુનામ જણાવો.
(A)Human Depth Index (B) Human Development Index
(C) Human Dimet Index (D) Human Despech Index
(૪૩) માનવી વડે સ્થપાયેલ સૌ પ્રથમ વ્યવસ્થાને શું કહી શકાય.
(A) પ્રાથમિક સમાજ (B)ગૌણ સમાજ (C)મીક્સ સમાજ (D)મુખ્ય સમાજ
(૪૪) મૂડીવાદના પતન પછીના તબક્કામાં કયો વાદ આવે છે.
(A) નારીવાદ (B)ઉદ્દામવાદ (C)સમાજવાદ (D)ઉદારમતવાદ
(૪૫) ઉત્પાદનના સાધનોની માલિકી કોની હોય છે.
(A) વ્યક્તિગત (B)કૌટુંબિક (C)સામાજીક (D)જુથ ની
(૪૬) મૂડીવાદની સૌથી વધારે વૈજ્ઞાનિક અને આદર્શ વ્યાખ્યા કોણે આપી.
(A) પીગુના (B)એડમ સ્મિથ (C)કાર્લ માર્ક્સ (D) રોબિન્સન
(૪૭) ઉત્પાદનમાં મૂડીવાદી સબંધીના મૂળ શેમાં છે.
(A) આધુનિકતાવાદ (B)સામંતશાહી (C)કુલીનશાહી (D) રાજાશાહી
(૪૮) નીચેના માંથી કયું મૂડીવાદનું લક્ષણ નથી.
(A) વસ્તુનું ઉત્પાદન (B) શ્રમશક્તિ પણ એક વસ્તુ (C) ભાવતંત્ર (D) નિયોજનનું વ્યવસ્થાપન
(૪૯) ઐતિહાસિક ભૌતિકવાદના સિધ્ધાંતના પ્રણેતા કોણ હતા.
(A) પીગુના (B)એડમ સ્મિથ (C)માર્ક્સઅને એન્જલ્સ (D) રોબિન્સન
(૫૦) નીચેના માંથી કયું મિશ્ર અર્થતંત્ર નું લક્ષણ નથી.
(A) બજારતંત્રનો નિર્ણાયક ફાળો (B) જાહેર ક્ષેત્ર (C) આર્થિક આયોજન (D)સામાજીક આયોજન